બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

(વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**૧. સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ. (૪/૩૦)**

**પ્રમાણ- ૧ :** બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં. **(નિ. કા. વચનવિધિ : ૩૭) નોંધ :- આ કિર્તનની આગળની પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય કે ન લખી હોય અને ઉપરની બે જ પંક્તિ લખી હોય તો પણ સાચું આપવું.**

**પ્રમાણ- ૨ :** ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે, તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે - સદ્. મુક્તાનંદ સ્વામી.

**પ્રમાણ- ૩ :** પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે, ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઈન્દ્રનું સુખ અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠ લોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. (વચ.પં. ૧)

**પ્રમાણ- ૪ :** જેહ ધામને પામીને પ્રાણી પાછું પડવાનું નથી રે; સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે. અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે પ્રભુજીની પાસે રે; સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસ રે; એવા ધામની આગળ બીજાં શી ગણતીમાં ગણાય રે...... (ચોસઠ પદી : ૫૫, ૫૬)

**પ્રમાણ- ૫ :** જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે. (વચ.સા. ૧, ૪, ૧૧; ગ.અં. ૨૮)

**પ્રમાણ- ૬ :** 'મા' પ્રલયકાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે, પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે, ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે. (ચોસઠ પદી, ૫૬)

**પ્રમાણ-૭ :** ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે. (વચ. ગ. મ. ૨૪)

**પ્રમાણ-૮ :** न तद्भासयते सूर्यो न शशाडको न पावकः, यदगत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ (ગીતા - ૧૫ઃ૬) અર્થાત જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫ઃ૬) (**નોંધ :-** સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું)

**પ્રમાણ-૯ :** અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહતિ છે. (વચ. લોયા. ૧૪)

**પ્રમાણ-૧૦ :** મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ, સર્વ સાપ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ, અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. (શ્રીજીમહારાજ ઓરડાના પદમાં, સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી)

**પ્રમાણ-૧૧ :** તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે, તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે, તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે, નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. (ચોસઠપદી : ૫૫)

**પ્રમાણ-૧૨ :** એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે. (વેદરસ : પૃ-૧૪૬)

**પ્રમાણ-૧૩ :** અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ. (અમ. ૭)

**૨. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન. (૫/૬૭)**

**પ્રમાણ- ૧ :** શ્રુતિમાં કહ્યું છે, 'ऋते ज्ञानान्न मुक्ति :' અર્થાત જ્ઞાન વિના મુક્તિ ન થાય.વળી, 'तमेव विदित्वातिमृत्युमेति नान्य : पन्था विध्यतेऽयनाय ॥' અર્થાત્ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થયા બાદ જીવ સંસારમાંથી મુક્ત થાય છે. મુક્તિ માટે આ જ્ઞાન સિવાય બીજો માર્ગ નથી. સદ્ય મુક્તિ માટે આવશ્યક એવા આ જ્ઞાનની વ્યાખ્યા શી ? કોને જ્ઞાની ગણવો ? આ જ્ઞાન એટલે કેવળ વાચ્યાર્થ જ્ઞાન નહિ પણ લક્ષ્યાર્થ જ્ઞાન, કારણકે શ્રીજી મહારાજ કહે છે : 'જેણે શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે.' **(વચ.લોયા-૭)**

**પ્રમાણ- ૨ :** એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામી રૂપે કારણપણે રહ્યા છે અને તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે. એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ. **(વચ. લો. ૭)**

**પ્રમાણ- ૩ :** ઈન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે. અને કોઈ સાધને કરીને બ્રહ્મસ્વરૂપને પામ્યો હોય તે પણ જે પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે તો તે પણ પૂરો જ્ઞાની ન કહેવાય. **(વચ. લો. ૭)**

**પ્રમાણ- ૪ :** ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ. **(વચ. પં. ૭)**

**પ્રમાણ- ૫ :** એવો જે જ્ઞાની તે તો સદા સાકાર મૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ, અક્ષર તે થકી પર ને સર્વના કારણ સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે. એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. **(વચ. લો. ૭)**

**પ્રમાણ- ૫ :** આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા એ જ છે. **(સ્વા. વાત. ૫-૭)**

**પ્રમાણ- ૭ :** એ જ જ્ઞાની એ જ તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા, એ વિના રખે જ્ઞાની ગણો, જેણે હરિ નયણે નથી દેખિયા. **(નિષ્કુળાનંદ કાવ્ય - સારસિદ્ધિ-૩૦)**

૩. **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : શ્રીમુખનાં વચનોને આધારે.** (૪/૩૩)

**પ્રમાણ-૧ :** શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ? ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રુટી જાય તો મૂળગેથી જાય અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી. અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે.'' **(વચ.લો. ૧૮)**

**પ્રમાણ- ૨ :** દૂસરા અવતાર હૈ સો કાર્ય કારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યાંદિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હું. **(જૂના ખરડામાંથી)**

**પ્રમાણ- ૩ :** અને એવા જે સર્વોપરી ભગવાન ને જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણ ના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે. ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાંક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે. **(વચ.ગ.અં-૩૮)**

**પ્રમાણ- ૪ :** જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ અને અક્ષરધામ કહીએ, અને એ પ્રકાશને વિશે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ.... જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો. **(વચ.ગ.મ. ૧૩)**

**પ્રમાણ- ૫ :** આ સત્સંગને વિશે જે ભગવાન બિરાજે છે (શ્રીજી મહારાજ) તે જ ભગવાનમાંથી સર્વે અવતારો થયાં છે. ને પોતે તો અવતારી છે ને એ જ સર્વના અંર્તયામી છે, અને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્ય યુક્ત છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજા ધિરાજ છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. **(વચ.અમ -૬)**

૪. **સર્વ કર્તાહર્તા સમજવાની આવશ્યકતા.** (૨/૭)

**પ્રમાણ- ૧ :** કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણવા એ જ છે. **(વચ. ગ. મ. ૨૧)**

**પ્રમાણ- ૨ :** જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, પ્રકટ પ્રમાણ એવા જે શ્રી કૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે. પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. અને જે જીવ ભગવાનને સર્વ-કર્તાહર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુ સ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ કર્માદિક તેને એ કર્તા જાણે છે. માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ. **(વચ. કા. ૧૦)**

**પ્રમાણ - ૩ :** ભગવાન સર્વ કર્તા હર્તા છે. તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તા હર્તા કહે છે માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. **(વચ. વર. ૨)**

**પ્રમાણ - ૪ :** ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે,

અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને સર્વના કર્તા થકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે. **(વચ. ગ. પ્ર. ૬૨)**

**પ્રમાણ - ૫ :** જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે મારા સ્વામીનું કર્યું જ સર્વે થાય છે. પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી. **(સ્વા. વા. ૧/૮૮)**

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. ''ભગવાન અરૂપ છે, જ્યોતિઃસ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે.' એવાં વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે, શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ કહ્યા છે.''

**જ. ભગવાન નિરાકાર છે તે સમજણ ઉદ્ભવી ક્યાંથી ? (૩/૧૩)**

૨. ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી.

**જ. ઉપાસનાનું મહત્ત્વ. (૧/૨)**

૩. સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે.'

**જ. પ્રગટ એટલે શું ? અને તે કેવી રીતે ? (૫/૬૭)**

૪. ''અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય, મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.''

**જ. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ (૨/૭)**

૫. ''અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન.''

**જ. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર શાથી ? : શાસ્ત્રોનાં પ્રમાણો. (૬/૧૧૫)**

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩, ૪ (૬/૧૦૯)   ૨. ૧, ૪ ( ૬/૧૩૦)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

**૧. કોઈ અમને ભગવાન કહેશો નહીં. (૬/૧૨૩)** સંવત ૧૯૨૩ ની ચૈત્રી પૂનમના સમૈયામાં ગુણાતીતાનંદ સ્વામી વડતાલ સમૈયે આવવાના હતા. ત્યારે પવિત્રાનંદ સ્વામી વગેરેએ પ્રબંધ કર્યો હતો કે કોઈએ સ્વામીનું સ્વાગત કરવા ન જવું. પણ સ્વામી આવ્યાના સમાચાર મળતાં સભા ઊઠીને સામે ગઈ. વળી સભામાં પણ સર્વે સ્વામીને પગે લાગવા આવવા લાગ્યા. તેથી ધક્કામુક્કી થઈ. ને આગળથી જ સ્વામીને ઠપકો આપવાનું ગોપાળજી દાદાએ માથે રાખેલું. તેથી આ પ્રસંગે ગોપાળજી દાદા સ્વામીને ઠપકો આપતાં બોલ્યા, 'પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી સ્વામીને પણ ભગવાન થવું છે માટે કોઈને કાંઈ કહેતા નથી.' આથી સ્વામી ઊંચા સાદે સભામાં બોલ્યા, 'કોઈ અમને ભગવાન કહેશો નહીં. ભગવાન તો એક સર્વોપરી અને સર્વાવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે અને શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે આજે આ સભામાં તમારી સામે વાતો કરે છે. માટે ઓળખી રાખજો.' **સિધ્ધાંતઃ-** પોતે મૂળ અક્ષર હતા તો વિરોધના વંટોળમાં પણ ડર્યા વગર નિધડકપણે પોતાના અક્ષર-સ્વરૂપની સ્પષ્ટતા કરી.

**૨. મારી આજ્ઞાની અવજ્ઞા કરી કેમ અહીં આવ્યા ? (૪/૫૧)** શ્રીજીમહારાજ તીર્થોમાં ફરતાં ફરતાં લોજપુર પધાર્યા. રામાનંદ સ્વામી તે વખતે ભૂજનગર બિરાજમાન હતા રામાનંદ સ્વામી વર્ણીની મોટપ જાણતા હતા. તેથી તેમણે તેમના બધા જ શિષ્યોને લોજપુર જઈ વર્ણીનાં દર્શન કરવા આજ્ઞા કરી. શેખપાટના લાલજી સુતાર (પાછળથી સદ્.નિષ્કુળાનંદ સ્વામી)ને ગુરુ રામાનંદ સ્વામીમાં અપાર સ્નેહ હતો અને તેમને વિષે ગુરુભાવ હતો તેથી તેઓ લોજ ન જતાં ભૂજ ગયા. તેથી રામાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : 'મારી આજ્ઞાની અવજ્ઞા કરી કેમ અહીં આવ્યા ? એ વર્ણી તો અતિ મોટા છે અને દર્શન કરવા યોગ્ય છે.'' લાલજી ભક્તે પૂછ્યું :''એ વર્ણી કેવા મોટા છે ? આપના જેવા ?'' રામાનંદ સ્વામીએ કહ્યું :''અમારાથી પણ મોટા છે. શ્રીકૃષ્ણથી પણ મોટા છે. એ વર્ણી સર્વ અવતારોના કારણ પરાત્પર, અપ્રાકૃત, અપ્રાકૃત ગુણૈશ્વર્યવાળા પુરુષોત્તમ છે.'' આ પ્રમાણે રામાનંદ સ્વામીએ મહારાજનો ઘણો મહિમા કહ્યો અને લાલજી ભક્તને લોજ ન જવા માટે ઠપકો આપ્યો. આ પ્રસંગ 'હરિલીલામૃત'માં આ પ્રમાણે લખ્યો છે. - 'કહે લાલજી તે મોટા કેવા, દત્તાત્રિ કે ઋષભદેવ જેવા; કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન. જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી; આ છે અવતારના અવતારી, ઘણું શું કહીએ વિસ્તારી... એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યો છો કચ્છમાં ચૂકી ?'' (હરિલીલામૃતઃ૪-૩) **સિધ્ધાંત :-** પોતાના ભક્તોને સર્વોપરી ભગવાનનો નિશ્ચય કરાવવા માટે ઠપકો આપીને પણ ભગવાન ભજવાનો સાચો માર્ગ બતાવ્યો.

**૩. સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ. (૬/૧૩૪)** જૂનાગઢમાં શ્રીજીમહારાજના અંગત સેવક બાપુ રતનજીએ સ્વામીને કહ્યું : 'જેવો મહારાજે આપનો મહિમા કહ્યો હતો એવા જ આપને મેં જાણ્યા છે. મારી કોઈ ખામી હોય તો ભાંગી નાખજો અને સદાય દૃષ્ટિ રાખજો. મહારાજ તમારા દ્વારા અખંડ રહ્યા છે એમ નજરે દેખાય છે. માટે મારી સંભાળ રાખજો.' તેઓ જૂનાગઢથી સ્વામીનો સમાગમ કરીને જ્યારે વિદાય લેતા હતા, ત્યારે વિદાય આપવા ગયેલા જાગા સ્વામીને તેમણે પોતાના અનુભવની વાત કરી કે મેં મહારાજ પાસેથી ઘણીવાર સાંભળ્યું હતું કે, 'ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સમર્થ સાધુ નથી.' મહારાજ સાથે બીજા કેટલાય મહામુક્તો પધાર્યા હતા, પણ તેમની મોટપ અક્ષરતુલ્ય તો નથી જ. સ્વામીની મોટપ તો આગળ જણાશે તે આજે દેખાય છે. શ્રીજીમહારાજ છતે સતયુગ વર્તતો હતો, તેથી કામના અને ઊંઘના સંકલ્પો જુવાનીમાં પણ થતા નહિ. સ્વામી પાસે પણ એવો જ સત્યુગ વર્તે છે. સ્વામીને રાજી કરશો તો મહારાજ રાજી થયા છે તેમ માનજો. માટે સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ. **સિધ્ધાંતઃ-** 'સંત તે સ્વયં હરિ' સંતને રાજી કરવાથી સ્વયં મહારાજ રાજી થાય છે. માટે તેમની આજ્ઞા અધ્ધર ઝીલવી.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

**૧. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રોમાં. (૫/૯૨-૯૩)**

ભગવદ્ ગીતા, રામાયણ વગેરે, અનેક શાસ્ત્રોમાં સંતનો અતિશય મહિમા કહ્યો છે.

(૧) यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
यस्यैते कथिता हार्था : प्रकाशन्ते महात्मन : ॥

અર્થાત : જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતિતી છે તેવી જો પ્રત્યક્ષ ગુરૂરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા અર્થ તેને પ્રાપ્ત થાય છે. **(શ્વેતાશ્વેતરોપનિષદ ૬ - ૨૩)**

(૨) साधवो ह्दयं मह्यं साधूनां ह्दयं त्वहम्।
मदन्यत्ते न जानान्ति नाहं तेभ्यो मनागपि ॥

અર્થાત : સાધુ પુરૂષ મારૂ હૃદય છે. અને હું તેમનું હૃદય છું. મારા સિવાય અધિક જેમ તે બીજાને જાણતા નથી તેમ હું પણ એથી અધિક બીજાને જાણતો નથી. **(ભાગવત ૯ - ૪ - ૬૮)**

(૩) निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम्।
अनुव्रजाम्यहं नित्यं पूयेयत्यङ्घ्रिरेणुभिः॥

અર્થાત : નિરપેક્ષ, મનનશીલ, શાંત ચિત્ત, વૈરરિણી, સમદર્શી સંતાત્માઓની પાછળ પાછળ તો હું એ માટે ફરું છું કે જો એમની ચરણરજ મળી જાય તો પવિત્ર થઈ જાઉં. **(ભાગવત ૧૧ - ૧૪ - ૧૬)**

શું ભગવાન પવિત્ર નથી ? ભગવાન તો પવિત્ર જ છે. પણ સંતનું અપાર માહાત્મ્ય દર્શાવવા તેઓ આવા શબ્દો ઉચ્ચારે છે.

**૨. પ્રગટને ઓળખ્યા વગર કસર. (૪/૭૫)**

જીવમાં અનાદિ કાળથી અનંત પ્રકારની કસર રહેલી છે. તે સર્વે ભગવાનના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખીને તેમને આશરે જવાથી ટળી જાય છે. શ્રી.મ. કહે છે, 'ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજવામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. **(વચ.ગ.મ. ૧૩)** 'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી. **(વચ.ગ.અં. ૨)** જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજુ ઇચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. **(વચ.ગ.અં. ૫)** ગુણાતીતાનંદ સ્વામી કહે છે. 'જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે; કેમ જે, છોતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેહે કાળ પડ્યો ને ગંગામાં નહાયો ને માથું કોરું રાખ્યું ! અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરાં, વાછરડાં રહ્યા છે એમ રહ્યા છે. (સ્વા.વા. ૩/૩૫) ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાનને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે. તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. **(સ્વા.વા. ૩/૬૮)** આજ તો પ્રગટ ભગવાન છે. પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે. તે આ સમામાં જેને નહિ ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે. **(સ્વા.વા. ૪/૫૦)**

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે : પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ વેદાંત કહે સત્ય વાણી
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પાણી રે, તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે.

પ્રગટ ભગવાનના સ્વરૂપને મૂકીને પરોક્ષ ભક્તિ તથા વ્રત, તપ, તીર્થ, દેવદર્શન કરવા છતાં મન અમન થતું નથી.

કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હરિ હોવન હાર; મુક્ત પ્રગટ કી પ્રીછ બિન, ભટકત સબ સંસાર.

શાસ્ત્રમાં ભગવાનની વાતો લખી હોય તે વાંચે કે તેનું વર્ણન સાંભળે પણ તેથી નથી કોઈ સુખ આવતું કે નથી કોઈ ખોટ

ટળતી તે માટે પ્રભુ પ્રગટ જ જોઈએ. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ,

પણ પ્રગટ સુખ પિયુતણું, અણુ જેટલું આવ્યું નઈ. (નિ. કા. ભક્તિનિધિ -૧૪)

જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશ ફૂલની આશા કરે; પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે. તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત, તે તો પીયૂષનો તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત. (નિ.કા. સાર સિદ્ધિ - ૪૭)

પ્રગટ ભજી ઋષિપતની, પરોક્ષ ભજ્યા ઋષિરાય; ઋષિપત્નિએ હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપમાંય. પ્રભુ પ્રગટના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ; આજ કાલના અભાગિયા, દશ વિના દિયે છે દોટ. પ્રગટ વિના છે પાંપળાં, ભક્ત કરે છે ભવમાંય; ખરાં ખાંડતાં કુસકા, કણ નહિ નિસરે તે માંય. હરિ લાડીલા લાડુ જમી ગયા, કેડે પડ્યાં રહ્યાં પતરાંવળાં; જેથી ભૂખ ન જાય સુખ ન થાય, વણ સમજે ચાટે છે સઘળાં.' (નિ.કા. સારસિદ્ધિ - ૨૪) સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે : પ્રગટ પ્રમાણ હરિબીન પ્રાણી, ક્યું જહાં ભટકંતા હૈ; ઓર ઉપાય કીયે તે કોઈ વિધિ, આત ન ભવકો અંતા હૈ; પ્રગટ પ્રમાણ પુરાણ બતાવે, ગીતા પ્રગટ કથંતા હૈ; પ્રગટ પ્રમાણ બિના બ્રહ્માનંદ, સબ હી જગત ભરમંતા હૈ;'

### ૩. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા. (૬/૯૮)

મોક્ષ માર્ગમાં સાધકને બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા છે કારણકે,

**(૧) પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે :-** ભગવાનની ભક્તિ તો દરેક મુમુક્ષુ કરે છે પરંતુ ભગવાનની ભક્તિનો ખરો અધિકાર બ્રહ્મરૂપ થાય તેને જ છે તેમ શ્રીજી મહારાજ વચનામૃત **લો. ૭** માં જણાવે છે. **'જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'** શ્રીકૃષ્ણ ભગવાન **ગીતામાં** પણ આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં જણાવે છે.

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ । સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્‌ભક્તિં લભતે પરામ્ ॥

અર્થાત્ જે બ્રહ્મરૂપ થયો છે અને જેનું મન સદા પ્રસન્ન છે અને જે કોઈ પ્રકારનો શોક કરતો નથી, તેમ કોઈ પદાર્થને ઈચ્છતો નથી, સર્વભૂતમાં જેને સમભાવ છે, તે પુરૂષ મારી પરાભક્તિને પામે છે. **(ગીતા - ૧૮-૫૪)**

**(૨) નિર્વિઘ્ન ભક્તિ માટે :-** શ્રીજીમહારાજ વચનામૃતમાં નિર્વિઘ્ન ભક્તિનો માર્ગ ચીંધતા કહે છે : એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતી ને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યા. **(વચ. ગ.પ્ર. ૨૩)** માટે જ જો ભગવાનની ભક્તિ નિર્વિઘ્નપણે કરવી હોય તો અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું જ પડશે. નહિ તો ભક્તિમાર્ગમાંથી પડી જવાનો ભય રહેશે. કારણ કે જો બ્રહ્મરૂપ ન થાય તો ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાના ભાવ સાથે એકાકાર થઈ જવાય અને પંચવિષયમાં આસક્ત થઈ જવાય અને ભગવાનને વિષે પણ બુદ્ધિમાં પ્રાકૃત ભાવ પેસી જાય. મુમુક્ષુ માટે સૌથી મોટાં બે વિઘ્નો છે કંચન અને કામિની તેનાથી મુક્ત, અલિપ્ત રહેવાનો ઉપાય દર્શાવતા **(વચ. ગ.મ. ૩૦)** શ્રીજીમહારાજ કહે છે, 'સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, **જ્યારે પ્રકૃતિપુરૂષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.'** ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતુમાં આ વાત સમજાવતાં કહે છે. 'બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ ન મળે,' **(સ્વા.વા. ૧-૧૪૧)** 'निजात्मानं ब्रह्मरूपम्' એ આજ્ઞા પાળે તો.. કારણ દેહનો નાશ થાય. **(સ્વા.વા. ૫/૭૨)** માટે ભક્તિમાર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે દેહભાવ ટાળીને બ્રહ્મરૂપ થવું અત્યંત આવશ્યક છે.

**(૩) આત્યંતિકી મુકિત માટે :-** પ્રજાપતિ આદિથી લઈને જગતના જે સૃષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે લીન થાય છે તે શા સારુ તો તેમની સમજણમાં ભૂલ છે. **(વચ. અશ્લાલી)** એમ કહીને એમની ચાર ભૂલોમાંથી બીજી ભૂલ બતાવતાં શ્રીજીમહારાજ કહે છે, 'બીજું **અક્ષરરૂપ થઈને જે શ્રી પુરૂષોત્તમનારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા એ ભૂલ છે.'** આ ઉપરથી ફલિત થાય છે કે આત્યંતિક મુક્તિ માટે સમર્થ એવા પ્રજાપતિ આદિક જગતના સ્ત્રષ્ટાઓને પણ બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા હોય તો પછી આપણે તો શું હિસાબમાં ? તેથી શ્રીજી મહારાજ કહે છે, **'માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે, પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.' (વચ. લો. ૭)**

### ૪. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત. (૪/૭૧)

ઘણા મુમુક્ષુઓ મોક્ષ માટે પરોક્ષપણે ભગવાનની ભક્તિ કરતા હોય છે. પરંતુ સર્વશાસ્ત્રનો સમન્વય કરીએ તો જરૂર પ્રતીતિ થાય કે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત વગર આત્યંતિક કલ્યાણ ન જ થાય. કલ્યાણનો મુદ્દો બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાનજી, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.. એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય, તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે ક્લ્યાણના માર્ગ થકી પડે નહિ... માટે સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.' **(વચ. ગ.મ.૨૧)** જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા

છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. **(વચ. ગ.અં.૨)** જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે, ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. **(વચ. ગ.મ.૩૨)** માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરીને તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે જવું અને તેનો દ્રઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. **(વચ. વર.૧૦)** માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે. **(વચ. જેતલપુર-૧)** આ ઉપરાંત અનેક વચનામૃતમાં શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણ માટે તો પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંત જ બતાવ્યા છે. ટૂંકમાં સર્વ શાસ્ત્રના સારરૂપે શ્રીજીમહારાજ કહે છે : 'ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે... તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે.' **(વચ. ગ.મ. ૫૯)** સર્વે શાસ્ત્ર અને શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયના જાણનારા ગુણાતીતાનંદ સ્વામી પણ તેમની વાતુમાં કલ્યાણ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત જ બતાવે છે. મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે. **(સ્વા.વા. ૧/૨૦)** પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય. **(સ્વા.વા. ૪/૩૭)** આત્યંતિક કલ્યાણ થાય તે જ મોક્ષ કહેવાય... ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાનને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ. **(સ્વા.વા. ૫/૫)** સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે,

'બીજો કહે મુવા પછી મોક્ષ રે, વળી પ્રભુ બતાવે છે પ્રોક્ષ રે.
જ્યારે એમ જ અર્થ જો સરે રે, ત્યારે હરિ તન શીદ ધરે રે,
જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે, એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે.
માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વ ગ્રંથનું સિદ્ધાંત રે,
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે,
જેમ પ્રગટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે,
જેમ પ્રગટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે,
તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે,
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે,
માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ હોય રે,
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજે ઉતારવાનો સમાજ રે,'

**(ભક્તચિંતામણિ - ૧૬૪)**

પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધાર રે જંત રે.

**(નિ.કા. કલ્યાણનિર્ણય - ૧૩-૨૮)**

આત્યંતિક કલ્યાણ કારણે જવું પ્રગટ પ્રભુને પાસ
મોક્ષદાયક એહ મૂર્તિ કે મોક્ષદાતા એના દાસ.

**(નિ.કા. કલ્યાણનિર્ણય - ૧૬-૪)**

માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિ ના મળ્યા રે;
સાચી વાત તું માનજે સહિ રે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે.

**(નિ.કા. કલ્યાણનિર્ણય ૧૬-૧૦)**

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે.

**(નિ.કા. કલ્યાણનિર્ણય - ૨-૧૮)**

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે, આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ.

શ્રી સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં શ્રી વાસુદેવમાહાત્મ્યમાં પણ વૈરાગ્ય ભક્તિ નિરૂપણના પ્રકરણમાં આ પ્રમાણે લખ્યું છે.

સાક્ષાદ્‌ભગવતઃ સાઙ્ગાત્તદ્‌ભક્તાનાં ચ વેદૃશામ ।
ધર્મો હ્યેકાન્તિકઃ પુમ્ભિઃ પ્રાપ્યતે નાન્યથા ક્વચિત ।।

**(વાસુદેવ માહાત્મ્ય ૨૫-૬૫)**

અર્થાત્ : સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા પૂર્વશ્લોકમાં કરેલાં લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધથી જ મનુષ્યોને એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજા કોઈપણ ઉપાયથી ક્યારેય પણ તેની પ્રાપ્તિ થતી નથી. શ્રીજીમહારાજ પણ

વચનામૃતમાં આ જ સિદ્ધાંતને દૃઢાવતાં કહે છે : 'એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી જ વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.' **(વચ. ગ.પ્ર. ૬૦)**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. ભગવાન સાકાર હોવા છતાં લોકોને નિરાકાર સમજાય છે. (૩/૧૨)**

ભગવાન સાકાર છે અને નિરાકાર સમજવાથી પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ થાય છે. ભગવાનનો દ્રોહ થાય છે અને ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે. તો પછી પ્રશ્ન ઉદ્ભવે છે કે ભગવાન સાકાર છે છતાં નિરાકારની સમજણ કેમ પ્રવર્તે છે ? ભગવાન નિરાકાર છે તે પ્રતિપાદન પણ શાસ્ત્રમાંથી જ થાય છે. તેના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે શ્રીમદ્ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે. **(વચ.ગ.મ. ૧૦)** નિરંતર ભગવાનના ગુણ ગાતા શુકજી તો ભગવાનને નિરાકાર ન નિરૂપે પણ જ્યારે ભગવાનના મનુષ્યચરિત્રોનું વર્ણન કરે ત્યારે તે દિવ્ય છે, માયિક નથી, તેમ દર્શાવવા ભગવાનના સ્વરૂપમાં માયિક રૂપગુણનો નિષેધ કરે છે. અજ્ઞાનીઓ અને ભક્તિરહિત મનુષ્યો આ પ્રકારના નિરૂપણથી ભગવાનને નિરાકાર સમજી બેસે છે. પછી તંત કે મમત્ત્વથી પકડી રાખે છે અને શાસ્ત્રમાંથી પણ એવા જ કાલ્પનિક મતની પુષ્ટિના શબ્દો શોધીને પોતાના મમત્ત્વને દૃઢ કરીને મુમુક્ષુઓને ગેરમાર્ગે દોરે છે. જેને ભગવાનના સ્વરૂપને વિષે સાકારપણાની પ્રતીતિ નથી એવા લોકોએ શાસ્ત્રના રહસ્યને યથાર્થપણે નહિ સમજીને કે શાસ્ત્રના અવળા અર્થ કરીને નિરાકારની સમજણ પ્રવર્તાવી છે. કારણ કે શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. તે કયા શબ્દ તો જે ભગવાન અરૂપ છે, જ્યોતિઃ સ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્રવ્યાપક છે એવા વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ કહ્યા છે. **(વચ. ગ. પ્ર. ૬૬)** આમ જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય ત્યારે સાંભળનારાની મતિ ભ્રમી જાય છે અને જાણે છે જે ભગવાનને તો આકાર નથી તેમ સમજનારાની અવળી સમજણ છે. **(વચ.ગ. પ્ર. ૬૬)** આમ ભગવાન સાકાર છે છતાં શાસ્ત્રના અર્થઘટન યથાર્થ રીતે ન કરનારાની સમજણને કારણે નિરાકારની સમજણ પ્રવર્તે છે.

**૨. સર્વ કરતાં સંત મોટા છે. (૫/૮૯)** સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીઓ એ મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે, ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા મોટા છે, એના વિના ભગવાનને ચાલતું નથી, એનાં દર્શને પંચમહાપાપ બળી જાય છે, એની ઇન્દ્રિયુંની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થર થર કંપે છે, જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, એ અન્નદાતા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, ભગવાન એના ભેળા રહ્યા છે, અવિનાશી ધામને પમાડે છે, કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે. સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે, કામીલ, કાબીલ સબ હુન્નર તેરે હાથ એવા છે.'' (સ્વા.વા.૪/૧૪૩) 'સર્વ કરતાં સંત મોટા. તેનો મહિમા કહ્યો તેની વિક્તિજે, સર્વ કરતાં પૃથ્વી મોટી ને તેથી જળ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, ને મૂળ પ્રકૃતિપુરુષ ને અક્ષર સુધી એકબીજાંથી મોટાં છે ને તે સર્વેના આધાર ભગવાન છે, એવા મોટા ભગવાન તેને સંત પોતાના હૃદયમાં અખંડ ધારી રહ્યા છે, માટે તે મોટા છે.'' (સ્વા.વા. ૨/૧૧૧)

**૩. મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ નહીં, પણ સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે. (૫/૬૬)**

શ્રીજીમહારાજ **(વચ.ગ.પ્ર. ૬૮)** કહે છે ''મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'' આ સિધ્ધાંત અનુસાર સત્સંગમાં ચાર અંગ મૂર્તિ, શાસ્ત્ર, સંત અને આચાર્ય કલ્યાણ કરી શકે છે પરંતુ ભગવદ્ભાવને પામી ગયેલા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા ભગવાન અખંડ પ્રગટ છે. તેથી આ ચારે કલ્યાણકારી સાધનોમાં સંત સૌથી શ્રેષ્ઠ છે. વળી શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે : 'ન હમ્મયાનિ તીર્થાનિ ન દેવા મૃચ્છિલામયાઃ । તે પુનન્ત્યુરુકાલેન દર્શનાદેવ સાધવઃ ॥' આ શ્લોકમાં જણાવ્યું કે મૂર્તિઓ ઉરુકાળે પાવન કરે છે. પરંતુ સંતનાં તો દર્શન માત્રથી પાવન થવાય છે. **(શ્રીમદ્ ભાગવત ૧૦-૮૪-૧૧)**

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે ''મૂર્તિયુ શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય. ને મોટા સંત હોય તે જ મૂર્તિયુમાં દૈવત મૂકે છે. પણ મૂર્તિયુ, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર અને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે. **(સ્વા. વા. ૫/૩૯૫)** શ્રીજીમહારાજ વચ. વર.-૧૦માં કહે છે. 'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે,
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે. **(નિ.કા. પુરુષોત્તમ પ્રકાશ - ૪૨)**

મહારાજ પોતે પૃથ્વી પર પ્રગટ થયા ત્યારે જે છ હેતુઓ લઈને પધાર્યા તેમાંનો એક હેતુ પોતાના પરમ એકાંતિક સંત દ્વારા પૃથ્વી પર અખંડ પ્રગટ રહી જીવોનું કલ્યાણ કરવાનો છે. આમ જ્યારે ભગવાન સ્વયં પૃથ્વી પર વિરાજમાન હોય ત્યારે તે પ્રગટ ભગવાન કહેવાય અને ભૌતિક દેહે અંતર્ધાન થવા છતાં જે સંત દ્વારા આ પૃથ્વી પર વિચરતા હોય ત્યારે તે સંતને ભગવાનનું પ્રગટ સ્વરૂપ (પ્રત્યક્ષ સ્વરૂપ) કહેવાય. 'સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે, સંત માનજો મારી મૂર્તિ રે, એમાં ફેર નથી એક રતી રે. **(નિ.કા. પુરુષોત્તમ પ્રકાશ -૪૧)**

**૪. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની રચના કરી. (૪/૫૫-૫૬)**

વડતાલમાં સ્વામી રઘુવીરજી મહારાજ પાસે બિરાજ્યા હતા. રઘુવીરજી મહારાજની ગાદી પર ચંપાના ત્રણ ફૂલ મૂકીને સ્વામી બોલ્યા, 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી. અર્થાત કેટલાક મહારાજને રામચંદ્રજી જેવા સમજે છે. કેટલાક બીજા ફૂલ જેવા એટલે કે શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ આ ત્રીજું ફૂલ એટલે કે શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જેવા કોઈ સમજતા નથી. આ ત્રીજા ફૂલ સુધી બધાને પહોચાડવા માટે એટલે કે મહારાજના સ્વરૂપની દૃઢતા અનેક જીવોને કરાવવા માટે સ્વામીશ્રીએ ત્રીજું ફૂલ બ્રહ્મચારીને આપીને આજ્ઞા કરી કે આ ત્રીજા ફૂલ સુધી સૌને તમારે પહોંચાડવા તે માટે મહારાજના સર્વોપરી સ્વરૂપનું વર્ણન કરતો અપૂર્વ ગ્રંથ રચવો જેમાં શબ્દે શબ્દે મહારાજનો મહિમા આવે. આમ ત્રીજા ફૂલ સુધી પૂગાડવા અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'શ્રી હરિલીલા કલ્પતરું' ગ્રંથની રચના કરી.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય છે. (૩)

૨. પુરુષોત્તમનારાયણની જેમ અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. (૭)

૩. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા મુક્તો અનંત છે. પરંતુ અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. તે થકી અનંત મુક્તો થાય છે .પણ અનંત મુક્તોને ભેગા કરીએ તો પણ એક અક્ષરબ્રહ્મ થઈ શકે નહિ. પુરુષોત્તમ એ અક્ષરબ્રહ્મથી પર છે અને અક્ષરબ્રહ્મ એ મુક્તો થકી પર છે. આમ, મુક્ત, અક્ષર અને પુરુષોત્તમ ઉત્તરોત્તર એકબીજાથી પર અને ભિન્ન છે અને આત્યંતિક પ્રલયને અંતે પણ રહે જ છે. (૧૪)

૪. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને માહાત્મ્યેજ્ઞાને યુક્ત ભક્તિ એ સહિત એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે. તેમને શરણે જઈ, તેમનામાં મન, કર્મ, વચને જીવ જોડીને તેમની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહીને આ જીવ બ્રહ્મરૂપ થાય છે અને પુરુષોત્તમની ભક્તિનો અધિકારી થાય છે. (૧૬)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪-૧૪૫)**

૫. પુરુષોત્તમ નારાયણ જે શ્રીજીમહારાજ તે અવતારાદિક, આચાર્ય, કે ભક્ત જેવા છે, તેમ ન સમજવું. (૧)

૬. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે જ નહિ, અક્ષરબ્રહ્મ કેવળ નિરાકાર છે, એ તો કેવળ ધામ છે, કેવળ દિવ્ય તેજ છે, તેમ ન સમજવું. (૧૦)

૭. વચનામૃત આદિ સત્શાસ્ત્રોનું રહસ્ય તથા ભગવાનનો નિશ્ચય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સમાગમ કે કૃપા વગર સ્વતંત્રપણે સમજી-સમજાવી શકાય છે, તેમ ન સમજવું. (૧૬)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો :** શ્રીજીમહારાજના અંતર્ધાન પછી પ્રગટપણું કેવી રીતે ? (૫/૭૮) **(કુલ ગુણ : ૫)**

આ પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજે પોતે જ આપ્યો છે. જેને જ્ઞાનદૃષ્ટિ છે એવા ભક્તને મતે તો ભગવાન ક્યારેય પરોક્ષ થતા જ નથી. 'જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુકમણિ આદિક હતી તે એ ભગવાનના દેહને લઈને બળી મરી, ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું કે હવે એ નાશ થઈ ગયા અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે અહીંથી અંતર્ધાન થઈ બીજે ઠેકાણે જણાણા છે.' **(વચ. પં. ૭)** પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે. પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી ને જેવા પુરુષપ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી... તેમ એ પુરુષોત્તમ ભગવાન જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થિએ યુક્ત થકા રહે છે અને અક્ષર ને પુરુષ પ્રકૃતિ આદ્યે સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામી રૂપે રહ્યા છે. પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થિમાં તારતમ્યપણું છે. **(વચ.ગ.પ્ર. ૪૧)** આ રીતે સમ્યક્પણે સમગ્ર સામર્થિએ યુક્ત અક્ષરબ્રહ્મમાં જેવા ભગવાન રહે છે તેવા તો મુક્તાદિકમાં પણ નથી રહેતા. તેથી શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મ દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહે છે. વળી, આ સિધ્ધાંતને વધુ સ્પષ્ટ કરતાં વચનામૃતમાં શ્રીજીમહારાજે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવાનો આદેશ આપ્યો છે. તથા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવા માટે ધામરૂપ જે અક્ષર તે રૂપે પોતે રહીને પુરુષોત્તમની ઉપાસના કરવાનું કહ્યું છે. તેથી એ સિધ્ધ થાય છે કે બ્રહ્મરૂપ થવા કે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય માટે ધામરૂપ અક્ષરનો પ્રસંગ અનિવાર્ય છે. વળી માયાનું કપટ ટાળીને ભગવાનના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કરવા માટે પણ અક્ષરબ્રહ્મ આવશ્યક છે. **(વચ. પં. ૭, ગ. મ. ૪૨)** કારણ કે જેવો ભગવાનનો મહિમા અક્ષરબ્રહ્મ જાણે તેવો બીજા કોઈ

જાણી ન શકે. બીજા મુક્તના પ્રસંગથી નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થતો નથી. અને જો અક્ષરબ્રહ્મ વગર મુક્ત દ્વારા પણ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થતો હોત તો શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મને પોતાની સાથે પૃથ્વી ઉપર શા માટે લાવે ? શ્રીજીમહારાજ પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મ સાથે લાવ્યા છે, અને તેમની દરેકને ઓળખાણ પણ કરાવી છે તે જ બતાવે છે કે અક્ષરબ્રહ્મ થકી જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થાય છે. વળી ગુણાતીતાનંદ સ્વામી પછી પણ અનંત જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી એ હેતુ મહારાજનો છે. તેથી ફલિત થાય છે. કે પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મને પણ હંમેશા રહેવું જ જોઈએ કે જેમના દ્વારા શ્રીજીમહારાજ પ્રગટરૂપે સદાય વિચરે. વેદરસમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે, ''વેદ એ બ્રહ્મનું ગાન કરે છે. તે કલ્યાણનો માર્ગ પણ એ (બ્રહ્મ) થકી જ છે. **(વેદરસ પૃ. ૧૬૫)** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા પ્રગટ થયેલા વચનામૃતમાં લખેલા આશીર્વાદમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે લખ્યું છે, 'તેમાં (વચનામૃતમાં) મોક્ષનું દ્વાર સંતને જ કહેલા છે તે અનાદિ સંત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યા છે. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, 'અક્ષરધામનો મુક્ત હોય ને સ્વતંત્ર થકો અહીં આવ્યો હોય ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય તો જડ સંજ્ઞાને પામી જાય છે.' **(સ્વા. વા. ૩-૭૩)** આવા મોટા મુક્ત, આટલી સામર્થિએ યુક્ત હોવા છતાં પણ જે સત્પુરુષના સમાગમની તેમને અપેક્ષા રહે છે તે તો ગુણાતીત જ હોઈ શકે, કારણ કે ગુણાતીત કહેતાં અક્ષરબ્રહ્મને એક શ્રીજીમહારાજની જ અપેક્ષા છે, બીજા કોઈની નથી. એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા જ શ્રીજીમહારાજ આ લોકમાં પ્રગટ રહ્યા. મહારાજના અંતર્ધાન થયા પછી તેમના ભૌતિક દેહનો અગ્નિ સંસ્કાર થયા પછી બહિર્ભૂમિએ જતાં દ્રોને જોઈને વિચાર આવ્યો કે 'આ દ્રોનું જીવન જળ છે. તેથી કેવી લીલી પલ્લવ છે. જ્યારે આપણું જીવન મહારાજ હતા તે તો ગયા.' આ વિચાર આવતાં જ મૂર્છા આવી ગઈ અને પડી ગયા. તરત જ શ્રીજીમહારાજે દર્શન આપી સ્વામીને ઉઠાડ્યા અને તેમને ભેટીને કહ્યું, 'સ્વામી ! શોક શા માટે કરો છો ? હું ક્યાં ગયો છું. હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ ત્રણ વખત કહ્યું. એ રીતે શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું પ્રગટપણું રાખીને અનેક મુમુક્ષુને પોતાના સંબંધનું સુખ આપીને અક્ષરધામના અધિકારી બનાવ્યા. સ્થૂળરૂપે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી પણ શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મની જ પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે, કારણ કે સ્વામીએ પોતે જ કહ્યું છે : 'હું ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ દસ વરસમાં પડી જશે.' **(સ્વા. વા. ૫/૬૭)** એ જ ગુણાતીત - ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહ્યા અને વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને પોતાની મૂર્તિનું સુખ આપી રહ્યા છે.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, સાતમી આવૃતિ માર્ચ - ૨૦૦૯,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ ચતુર્થ આવૃતિ જુલાઈ - ૨૦૦૬)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **''આપણે વેર લેવું નથી. મહારાજ સારું કરશે. '' (૪/૪૩) અથવા**
રઘુવીરજી મહારાજ - સૌને
મહેળાવ મંદિરમાં ઘરડા સાધુને ગુંસાઈ અને સૌએ ભેગા મળીને ખૂબ મારવાથી મરી ગયા. તેથી નિત્યાનંદ સ્વામીએ બંદૂકધારી પાર્ષદોને ગુંસાઈની ખબર લઈ લેવાની આજ્ઞા કરી. તેની રઘુવીરજી મહારાજને ખબર પડતાં કહે છે.

૨. **''હવે ત્યાગ-વૈરાગ્યની વાતો મારાથી નહિ થાય.'' (૧/૮)**
ગોપાળાનંદ સ્વામી - ગુણાતીતાનંદ સ્વામીને
ગોપાળાનંદ સ્વામી ઘી જમતા નહિ. તેથી તેમના શરીરને વિશેષ ઘસારો લાગતો. તેમનું શરીર સચવાય અને હરિભક્તોને સુખ મળે એ હેતુથી ગુણાતીતાનંદ સ્વામીએ તેમને રોટલીમાં થોડું થોડું ઘી જમવાનું કહ્યું ત્યારે.

૩. **''તમે ઘણા જન્મથી મોક્ષને માટે યત્ન કરતાં હતાં.'' (૫/૫૨) અથવા**
મહારાજ - કુશળકુંવરબાને
કુંશળકુંવરબાએ મહારાજને કહ્યું : આજ આપે મારું કાંડું પકડ્યું છે એટલે મારું કલ્યાણ નિશ્ચિત થઈ જ ગયું છે ત્યારે.

૪. **''આ તો સિદ્ધવલ્લભ રાજા છે.'' (૭/૬૬)**
મહારાજ - ભગા દોશીને
ભગા દોશી સવા વર્ષના તેમના પુત્ર શિવલાલને મહારાજ પાસે પગે લગાડવા લાવેલા ત્યારે બાળકના માથે હાથ મૂકીને કહે છે.

૫. **''આને પાણી પાવ ! મારશો નહીં.'' (૪૧) અથવા**
સ્વામીશ્રી (પ્રમુખસ્વામી) - રામચરણ સ્વામીને
પાણીના ટાંકામાં છુપાવવાનો પ્રયત્ન કરતા ચોરને બહાર કાઢ્યો ત્યારે.

૬. **''તેને કહો કે ધર્માદો કરે.'' (૫૩)**
સ્વામીશ્રી - આનંદસ્વરૂપ સ્વામીને
સત્તર વર્ષના પુત્રે કરેલા આપઘાતથી દુ:ખી થયેલા ફ્રેન્કને શાંતિનો ઉપાય બતાવતાં સ્વામીશ્રી ભાષાંત્તર કરી રહેલા આનંદસ્વરૂપ સ્વામીને કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નંખાવ્યા. (૩/૩૫) અથવા** નિષ્કુળાનંદ સ્વામીની ત્યાગ-વૈરાગ્યની છટા નિરાળી હતી. સાથે આકરી પણ હતી. પોતે ધોલેરા જેવા નાના અંતરિયાળ ગામના મંદિરમાં જ રહેતા. મોટા મોટા શહેરમાં વિષયનો જોગ થાય તેથી તેઓ મોટા શહેરમાં જતા નહિ. એક વખત ગોપાળાનંદ સ્વામીના અતિશય આગ્રહથી વડોદરા ગયા. ગોપાળાનંદ સ્વામીએ ખાસ દૂધપાકની રસોઈ કરાવવા દૂધ મંગાવ્યું હતું. નિષ્કુળાનંદ સ્વામી ભંડારમાં ગયા અને જોયું તો દૂધના દેગડા ભરેલા પડેલા. આવું કેવી રીતે જમાય ? તેથી પોતે પોટલાં બાંધીને જવા તૈયાર થયા જ્યારે ગોપાળાનંદ સ્વામીએ આ બાબત પૂછયું. ત્યારે સ્વામીએ કહ્યું. 'આવી દૂધની રેલમછેલ ઉડતી હોય ત્યાં ત્યાગીથી રહેવાય જ કેવી રીતે ?' આમ તેમનો અતિશય ત્યાગ જોઈને ગોપાળાનંદ સ્વામીને પણ તેમની વાત સત્ય લાગી. તેથી ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નાંખી સાદી રસોઈ કરવાની ખાતરી આપી ત્યારે જ નિષ્કુળાનંદ સ્વામી વડોદરા રોકાયા.

**૨. શ્રીજીમહારાજની લીલા જોઈ પર્વતભાઈ નાચવા લાગ્યા. (૬/૫૮)** પર્વતભાઈને ગામ અગતરાઈમાં શ્રીજીમહારાજ સંતો અને હરિભક્તો સાથે પધાર્યા. પર્વતભાઈનો ખૂબ જ ભાવ જોઈ મહારાજે ખૂબ આગ્રહ કરીને કાઠીઓને જમાડવાનો વિચાર કર્યો. કાઠીઓને તો ગોળ, ચોખા અને છૂટી ધારે ઘી પીરસાય એટલે વાહ, વાહ થઈ જાય. રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ મહારાજને જમાડ્યા. પછી ફળિયામાં કાઠીઓની પંક્તિ થઈ તેમાં ચોખા અને ગોળ પીરસાયા કે તરત મહારાજ ઘીની તાંબડી લઈને નીકળ્યા. પર્વતભાઈએ પોતાના ગળે હાથ મૂકીને મહારાજને ઘીની ધાર પાછી ન ખેંચવા માટે પોતાના સમ ખવરાવ્યા. કાઠીઓએ પણ મનમાં નક્કી કરેલું કે મહારાજ ઘી પીરસે તેટલું પીરસવા દેવું પણ પાછા પડવું નહિ. મહારાજ પણ તેમનો આ ઠરાવ અંતરથી જાણીને ઘી પીરસ્યા જ કરે. તાંસળી છલકાય ત્યાં સુધી રેડે. કાઠીઓ જ્યારે હાં હાં કરીને ગર્જના કરે ત્યારે જ મહારાજ આગળ જાય. મહારાજ પણ પર્વતભાઈની ઈચ્છા મુજબ ધાર પાછી ખેંચે નહિ. તેથી ઘી નીચે ઢોળાય. પર્વતભાઈ મહારાજની આ અલૌકિક લીલા નિહાળતા જાય અને ફેરફૂદરડી ફરતા જાય. પર્વતભાઈનો આવો ભાવ જોઈને કાઠીઓના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા. વાહ ! પર્વત વાહ ! બીજા પર્વત તો ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહિ.

**૩. રતનસિંહનો ચામડીનો રોગ મટી ગયો. (૨૭/૪૯) અથવા** રઢુના રતનસિંહને ચામડીનો અસાધ્ય રોગ થયો હતો. શરીર પરુથી ભરાઇ ગયેલું હતું. કોઈ તેમની નજીક જઈ શકતું ન હતું. ત્યારે નડિયાદ હોસ્પિટલમાં સ્વામીશ્રી તેમને મળવા ગયા. સ્વામીશ્રી તેમના પલંગ પર બેસી ગયા. પરુ ગ્રસ્ત શરીર પર પ્રેમાળ હાથ ફેરવતા રહ્યા. એ દિવ્ય સ્પર્શે રતનસિંહના રોમેરોમમાં શીતળતા પ્રસરી ગઈ. ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું 'જાવ કશું નહિ થાય, બધું મટી જશે'! અને થોડા વખતમાં રોગ શમી ગયો.

**૪. 'યુવાન વિદ્યાર્થીને અનુભવ થયો, 'હેત તો કરે છે એવું, અનંત જનની જેવું.' (૪/૧૯)** કૌટુંબિક ઝઘડાને કારણે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીના જીવનમાં સ્વામીશ્રીએ રસ લીધો. પિતાના દુરાગ્રહને કારણે એન્જિયરીંગના બદલે આર્કિટેકચરનો અભ્યાસ કરવો પડતો હતો. કઈ દિશામાં જવું તેની સૂઝ પડતી ન હતી ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછયું તારા ખર્ચની વ્યવસ્થા કેવી રીતે કરે છે ? જો તારે કોઈપણ જાતની તકલીફ હોય તો મને કાગળ લખજે. હું અહીં કોઠારી સ્વામીને લખીશ. તારી વ્યવસ્થા કરી આપીશ. તું બસ ભણ ને સંગીતમાં આગળ આવ. આ અપાર આત્મીયતાએ યુવક ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો. મારાં માબાપે પણ મને આવો પ્રેમ નથી આપ્યો. આજે પણ યુવક તેના પોતાના જ પંડ માટે તે નજરે નિહાળી રહ્યો હતો : 'હેત તો કરે છે એવું, અનંત જનની જેવું.'

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. ભક્તના ભક્ત - પર્વતભાઈ (૬/૬૨) અથવા** એક વખત શ્રીજીમહારાજે સૌની પરીક્ષા કરવાનું વિચાર્યું. મહારાજે સભામાં પૂછયું, 'ઢોલિયાના સત્સંગી હોય એ અમારી પાસે બેસો અને સત્સંગીના સત્સંગી હો તે પાછળ બેસો. ત્યારે ફક્ત પર્વતભાઈ જ દૂર જઈને બેઠા. સૌને પર્વતભાઈની સમજણ માટે શંકા થઈ. ત્યાં તો મહારાજ ઢોલિયા પરથી ઊતરીને દૂર જ્યાં પર્વતભાઈ બેઠા હતાં ત્યાં જઈને બેઠા. ત્યારે સૌને મહારાજનો રાજીપો શામાં છે તે સમજાયું. ભગવાનના ભક્ત થવું તો સૌને ગમે પણ ભક્તના ભક્ત થવું તે જ દાસત્વભક્તિનું લક્ષણ છે. દાદાખાચરના ગોલા માંદા પડ્યા ત્યારે મહારાજની આજ્ઞાથી પર્વતભાઈ દાદાખાચરના ગોલા બને છે. એક વખતે દુષ્કાળ પ્રસંગે મહારાજે સંતોને ગામડે જવાની ના પાડી કારણ હરિભક્તોને દુષ્કાળના સમયમાં તકલીફ ન પડે. ત્યારે પર્વતભાઈએ મહારાજ પાસે આવીને કહ્યું મહારાજ અમારે તો બે દુકાળ. એક વરસ મોળું તે દુકાળ અને બીજો આપે સંતોને ગામડે જવાની બંધી કરી. તેથી સંતોની સેવા તથા સમાગમનો દુકાળ પડ્યો. પર્વતભાઈની આવી સમજણ અને દાસત્વભક્તિથી મહારાજે રાજી થઈને સંતોને એમના ગામ મોકલ્યા.

**૨. સંસારથી અનાસક્ત શિવલાલ શેઠ. (૭/૬૭)** શિવલાલ શેઠને મહારાજની મૂર્તિની અખંડ સ્મૃતિ - રસ્તે પસાર થતાં પણ તેમની વૃત્તિ આડી અવળી ન ડોલે - દુકાનમાં પણ ખપ પૂરતી જ વાત કરે. ગામ ગપાટામાં વ્યર્થ સમય બગાડે નહિ. હાથમાં માળા અથવા વચનામૃતનો ગ્રંથ જ હોય અને પોતાની બેઠક સામે જ મહારાજની મૂર્તિ રાખતા. કોઈક માંગિલક પ્રસંગે તેમના ઘેર તેમના સાળી આવેલાં. બે ત્રણ માસથી ઘરમાં તેમના સાળી રહે છતાં ખબર નહી. કારણ કુટુંબની સ્ત્રીઓ સાથે પ્રયોજન વગર વાતચીત

કરતા નહિ. પોતાના નિત્ય નિયમ, ધ્યાન, માનસી વગેરેમાં જ વૃત્તિ રાખતા. દુકાનમાં પણ એ જ રીતે ભગવાનમાં જ વૃત્તિ રાખવાનો અભ્યાસ. એક દિવસ તેઓ જમવા બેઠા હતા અને તેમનાં સાળી પીરસવા આવ્યા. તેમનાથી ભાતમાં ઘી વધુ પડી ગયું. ત્યારે શિવલાલ શેઠથી સહજ ભાવે ઉંચું જોવાઈ જતાં તેમની દૃષ્ટિ સાળી પર પડતાં સ્વભાવિક પૂછયું તમે ક્યારે આવ્યાં ? આ સાંભળીને સાળીને માઠું લાગ્યું. પછી સૌએ તેમને સમજાવ્યું કે તેમની એવી અલૌકિક સ્થિતિ છે. તેમની દુકાનેથી મંદિર જતાં રસ્તામાં માટીનું ઘર હતું. તે પાડીને એના ધણીએ ત્યાં હવેલી કરેલી. શિવલાલભાઈ આ રસ્તેથી હંમેશા પસાર થતા છતાં વૃત્તિ તો મહારાજમાં જ રહેતી તેથી તેમની નજર હવેલી તરફ ગયેલી જ નહિ. એક વખત છીંક આવવાથી ઉંચું જોવાઈ ગયું અને પહેલી જ વાર તે જગ્યાએ હવેલી જોઈને સહજભાવે પૂછયું આ ક્યારે બંધાણી ? રસ્તે ચાલતાં સૌએ કહ્યું. આ ઈમારતને તો છ માસ થયા છે. ભગા દોશી, શિવલાલભાઈ તેમના પરિવાર સાથે ગઢપુર દર્શને જઈ રહ્યા હતા. રસ્તામાં ખેતરમાં ઊભો પાક જોઈ ભગા દોશી પોતાના અનુભવ પ્રમાણે કેટલો પાક થશે તેની ચર્ચા કરતા હતા. શિવલાલ શેઠ તો માળા ફેરવવામાં તલ્લીન હતા. તેમણે પિતાને ટકોર પણ કરી કે ભગવાનનાં દર્શન કરવા જઈએ તો ભજન કરતાં કરતાં જઈએ અંતરમાં શાંતિ રહે અને દર્શન સમાગમનું સુખ આવે. ભગા દોશીને ધ્યાન કેવી રીતે કરવું તેની વાત કરતાં ત્યારે ભગા દોશીએ કહ્યું તારું ધ્યાન તારી પાસે રાખ. ઘીના ગાડવા ગબડ્યા તો 'પેટમાં ઢોળાવવાનું હતું તેના બદલે જમીન પર ઢોળાયું.' રંચમાત્ર ખરખરો નહિ. સયાજીરાવ ગાયકવાડ ગઢડા મંદિરે દર્શન કરવા આવવાના હતા. શિવલાલ શેઠ સાદા વસ્ત્રોમાં તેમનું સામૈયું કરવા જતા હતા. રઘુવીરજી મહારાજે તેમને સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને જવાની આજ્ઞા કરી. સામૈયામાંથી પાછા ફર્યા કે તરત જ સાદાં વસ્ત્રો પહેરી લીધાં. આમ સંસારની દરેક પ્રવૃત્તિથી તેઓ અનાસક્ત હતા. **(નોંધ : પરીક્ષાર્થીએ કોઈપણ બે પ્રસંગ લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.)**

**૩. ઘોડાને શાંત કર્યો. (૧૩/૨૯) અથવા** ઇંગ્લૅન્ડના આસ્ટન શહેરમાં સ્વામીશ્રીના સ્વાગતમાં નગરયાત્રાનું આયોજન થયું હતું. તે શહેરના મેયર અને અશ્વવિદ્યાના જાણકાર વિલ્કિન્સને જોયું તો સ્વામીશ્રીની બગીને જોડેલો ઘોડો રેસનો હતો. બૅન્ડવાજાં વાગશે ત્યારે તે વિફરશે. તેમણે વ્યવસ્થાના અગ્રેસર શ્રી. સી. ટી. પટેલનું ધ્યાન દોર્યું. ત્યારે શ્રી. સી. ટી. પટેલે કહ્યું 'એના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ બગીમાં બેસશે પછી કાંઈ નહિ થાય !' આ સાંભળીને મેયર ખૂબ ગુસ્સે થયાં. પણ કાંઈ બીજો નિર્ણય લે તે પહેલાં તો સ્વામીશ્રી પધારી ગયા અને બગીમાં બિરાજી ગયા વિલ્કિન્સનના આશ્ચર્ય વચ્ચે મદોન્મત ઘોડો એકદમ શાંત થઈ ગયો. સમગ્ર નગરયાત્રા દરમિયાન નીચી દૃષ્ટિ કરીને જ ચાલ્યો.

**૪. આંદોલનનું સુખદ સમાધાન. (૩૧/૫૫)** ૧૯૮૧ના માર્ચ-એપ્રિલ માસની ઘટના છે. એક તરફ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના પડઘમ ગુંજી રહ્યા હતા. તો બીજી તરફ અનામત આંદોલનના પ્રશ્ને ગુજરાત ભડકે બળતું હતું. ચાલુ ઉત્સવે પણ શહેરમાં તોફાનોનાં છમકલા સૌને થડકાવી દેતાં હતાં. સુભાષબ્રિજને છેડે 'સ્વામિનારાયણ નગર'માં ભક્તિનો દિવ્ય માહોલ સર્જાયો હતો. મહોત્સવના મુખ્ય દિવસે તા.૧૨-૪-૮૧ના રોજ સ્વામિનારાયણ નગરમાં સ્વામીશ્રીને કેટલાક પત્રકારો ઘેરી વળ્યા હતા. અનામત આંદોલનના કારણે શહેરમાં ઠેર ઠેર ધમાલ ચાલતી હતી. તે અંગે એક પત્રકારે સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો ધમાલ, કરફ્યુ વગેરેના ઉકેલ માટે આપે કાંઈ કાર્ય કર્યું છે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય....'. તેનાથી સંતોષ ન થતાં પત્રકારે કહ્યું 'શેરીઓમાં, ગલીઓમાં જઈ આપની સંસ્થાએ શું કર્યું છે જેથી પ્રશ્ન હલ થાય ? પ્રાર્થના દ્વારા આ પ્રશ્ન ઊકેલાશે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે !' એ જ રાત્રે સભામાં સ્વામીશ્રીએ જાહેરમાં ભગવાનના ચરણોમાં પ્રાર્થના ઉચ્ચારી અને કહ્યું 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય અને રાજનેતાને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી અને સૌના આશ્ચર્ય વચ્ચે આંદોલનનો સુખદ અંત આવ્યો. આ બન્ને સમાચાર પર નજર નાખતાં એ પત્રકારને સમજાયું કે સ્વામીશ્રી જેવા મહાપુરુષની પ્રાર્થના અને શબ્દોનું શું વજન હોય છે !

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. લાલજી સુથાર બાળપણમાં કોની સાથે ગોષ્ઠિ કરતા ? (૩/૩૦)

જ. લાલજી સુથાર બાળપણમાં મૂળજી શર્મા સાથે ગોષ્ઠિ કરતા.

૨. ઈડરના રાજા કોની પાસે માફી માગવા ગયા ? (૧/૩)

જ. ઈડરના રાજા ખુશાલ ભક્ત પાસે માફી માગવા ગયા.

૩. કુશળકુંવરબાએ આમંત્રણ પત્ર સાથે શ્રીજીમહારાજને શું મોકલ્યું ? (૫/૫૧)

જ. કુશળકુંવરબાએ આમંત્રણ પત્રની સાથે હાથે ફોલીને તૈયાર કરેલા અખંડ ચોખા મોકલ્યા.

૪. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (૨/૮) (સંવત અને તિથિ લખો.)

જ. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ચાણસદમાં માગશર સુદ ૮, સંવત ૧૯૭૮માં થયો હતો.

૫. લંડનમાં અડધી રાતે જાગીને સ્વામીશ્રીએ શા માટે પ્રાર્થના કરી ? (૫૪)

જ. લંડનમાં અડધી રાતે જાગીને સ્વામીશ્રીએ ભારતમાં દુષ્કાળ હતો તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરી.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨ (૫/૫૩)     ૨. ૨, ૩, (૪/૪૧)     ૩. ૩, ૪ (૨૩/૪૪)     ૪. ૧ ,૩ (૨/૧૦)

**વિભાગ : - ૩ સામાન્યજ્ઞાન નિબંધ**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **ટીન એજ સંતાનો : સ્વામી ચીંધ્યો માર્ગ :** (૧) ટીન એજ એટલે એવાં સંતાનો જેમની ઉંમર ૧૩ થી ૧૯ - આ ઉંમરના સંતાનોની સમસ્યા સાંપ્રત સમાજમાં વધતી જાય છે. (૨) વિજ્ઞાનની શોધોનાં વિવેકપૂર્ણ ઉપયોગને બદલે અવિવેકી રીતે ઉપયોગથી ટીન એજ કિશોરો પોતાની બરબાદી નોંતરી રહ્યાં છે. વાલીઓ પણ કિશોરોને જાણે-અજાણે આ તરફ (બધા મોજશોખ પૂરા પાડીને) ધકેલી રહ્યા છે. (પ્રસંગો લખી શકાય) (૩) આ (કિશોર-યુવા) ટીને એજ પેઢીને કોણ બચાવી શકે ? તો જેના હૈયે આ કિશોરોનું યુવા પેઢીનું હિત વરેલું હોય. પ્રમુખસ્વામી મહારાજ આ કિશોરો માટે માતા-પિતા માટે સરળ માર્ગ બતાવે છે - આવો આપણે આપણા ટીન એજ સંતાનો માટે સ્વામી ચીંધ્યા માર્ગની વાત કરીએ. (૪) સ્વામીશ્રી કહે છે ટેકનોલોજી અથવા વિજ્ઞાનના સાધનોનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો. આ સાધનોના દૂરપયોગથી યુવા પેઢીની બરબાદી થાય છે. (ઈન્ટરનેટ, મોબાઈલ વગેરે) (પ્રસંગો) (૫) યુવા પેઢીની ભૂલોને ક્ષમા આપો - આપણે ભૂલો નહિ કરી હોય ? બાળકોને સુધરવાની તક આપો. તેની ઉપેક્ષા ન કરો. માતા-પિતાએ પોતાના સ્વભાવ પર, ઝઘડા કરવાના સ્વભાવ પર અંકુશ મૂકવો જોઈએ. બાળકને પ્રેમ આપવો જરૂરી છે. પ્રેમ ન આપો તો બાળકો ખોટે માર્ગે જતા અચકાશે નહિ. (પ્રસંગો) તે માટે ઘરમાં સંપ રાખો. બધા પ્રેમથી હળીમળીને રહે. (ઘરસભા આનો સચોટ ઉપાય સરળ ઉપાય) (૬) બાળકોને મીઠાઈની જેમ માર્ગદર્શન આપો, નાપાસ થાય તો આશ્વાસન આપો, પ્રોત્સાહન રૂપી પ્રાણવાયુ આપો - ભણવામાં, સત્સંગમાં આગળ વધે તે માટે નાનકડું ઈનામ આપી શકાય. તેની સફળતાને આ રીતે બિરદાવવી. (૭) અંતમાં આ સ્વામી ચીંધ્યા માર્ગે ટીન એજર સાથે વર્તન કરવાથી આપણને તેમજ આપણી ભાવિ પેઢીને સુખ-શાંતિ અને આનંદ મળશે. - ઉપસંહાર.

૨. **સત્પુરુષમાં આત્મબુદ્ધિ - મોક્ષનો ઉપાય :** (૧) કલ્યાણના માર્ગે - મોક્ષના માર્ગે ચાલનાર યાત્રીઓ માટે અનેક સાધનો - પરંતુ તેમાં સંતમાં આત્મબુદ્ધિ એ શ્રેષ્ઠ સાધન. (૨) શ્રીજીમહારાજ વચનામૃત (ગ.મ.૫૪)માં તથા અન્ય વચનામૃતોમાં સંતમાં આત્મબુદ્ધિ એ મોક્ષનો માર્ગ છે એમ જણાવે છે. સ્વામીની વાતુ - ગીતા - ભાગવત - ઉપનિષદ વગેરે સત્શાસ્ત્રો સંતમાં આત્મબુદ્ધિ કરવાની વાત કરે છે. (શ્લોક, કીર્તન, સાખી, વિધાનો લઈ શકાય.) (૩) શાસ્ત્રે કહેલ ૬૪ લક્ષણેયુક્ત શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, પરમ એકાંતિક સંત જેનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત ભક્તિ હોય તેવા સંતને વિષે આત્મબુદ્ધિ કરવા, પ્રીતિ કરવી તો મોક્ષ માર્ગ સરળ બની જાય - મોક્ષપ્રાપ્તિ માટેનો અતિ સરળ ઉપાય. જેણે સત્પુરુષોમાં આત્મબુદ્ધિ કરી તે સંસાર-સાગર તરીને આત્યંતિક કલ્યાણને પામ્યા તે પ્રસંગો) (૪) સત્પુરુષ મારો આત્મા છે - સત્પુરુષ મોક્ષનું દ્વાર છે, મોક્ષના દાતા છે એવી નિષ્ઠા એ આત્મબુદ્ધિ - યોગીજી મહારાજ કહે છે 'સંતમાં આત્મબુદ્ધિ રાખવી, સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ રાખવી. - ઉપસંહાર.

૩. **અહં શૂન્ય સંત - પ્રમુખસ્વામી મહારાજ :** (૧) અહંશૂન્ય એટલે જેનામાં અહં કહેતા અહંકાર, 'હુંપણું' શૂન્ય છે. એટલે કે 'હુંપણું' છે જ નહિ તે. (૨) સ્વામીશ્રી એવા અહંશૂન્ય સંત - સંતનું પ્રથમ લક્ષણ જ નિર્માનીતા - સ્વામીશ્રી એવા જ નિર્માની સંત - જેવા શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તેથી પણ અધિક. (પ્રસંગો) (૩) સંત કેવા હોય કે જેનામાં લેશમાત્ર અહંકાર ન હોય. 'હું ટળે હરિ ઢૂંકળા' - સ્વામીશ્રી એવા નિરાળા સંત - જેનામાં 'હુંપણું' જ નથી - તેથી જ શ્રીજીમહારાજ સ્વામીશ્રીમાં સમ્યક્ પ્રકારે રહ્યા છે. (૪) સ્વામીશ્રીની અહંશૂન્યતા માટે વિવિધ ક્ષેત્રોમાં અનેક મહાનુભાવોના વિધાનો - સ્વામીશ્રીમાં અનેક ગુણોનો સમન્વ્ય - પરંતુ અહંશૂન્યતા પર સ્વામીશ્રીનો ઈજારો. (પ્રસંગો) (૫) સ્વામીશ્રીના આ વિરલ ગુણને કારણે જ આબાલ, વૃદ્ધ, દેશ-પરદેશના લોકો, ગરીબ-તવંગર દરેકને સ્વામીશ્રી માટે ખૂબ જ હેત - સ્વામીશ્રીની આજ્ઞા થાય અથવા સ્વામીશ્રીની અનુવૃત્તિ સમજીને સર્વસ્વ સમર્પણ કરનારા સંતો - હરિભક્તોની કાર્યકરોની વિશાળ સેના સ્વામીશ્રીની - સંસ્થાની સેવામાં તૈયાર. - ઉપસંહાર.

❑ ❑ ❑